RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 125 *Date: 24.02.2025,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# PM મોદી એક દિવસ માટે મહિલાઓને સોંપશે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ’મન કી બાત’માં મોટી જાહેરાત



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રવિવારે મનકી બાત કાર્યક્રમમાં મહિલાઓ માટે મોટી જાહેરાત કરી છે. તેમણે પોતાના તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ એક દિવસ માટે મહિલાઓને સોંપવાની જાહેરાત કરી છે. જેથી મહિલાઓ પોતાની વાત અને વિચારો દુનિયા સમક્ષ રજૂ કરી શકે. વડાપ્રધાન મોદી ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આ ખાસ પહેલ શરૂ કરશે. વડાપ્રધાન મોદીએ મનકી બાતમાં કહ્યું કે, જો તમે દરેક ક્ષેત્રમાં નજર નાખો તો તમને જોવા મળશે કે, મહિલાઓનું યોગદાન કેટલુ વ્યાપક છે. આ વખતે મહિલા દિવસ નિમિત્તે હું એક એવી પહેલ શરૂ કરવા જઈ રહ્યો છે, જે આપણી નારી શક્તિને સમર્પિત હશે. આ વિશેષ અવસર પર હું મારા ઠ, ઈન્સ્ટાગ્રામ સહિતના તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને દેશની અમુક પ્રેરણાદાયી મહિલાઓને એક દિવસ માટે સોંપવા જઈ રહ્યો છું.

વડાપ્રધાને આગળ જણાવ્યું કે, ‘એવી મહિલાઓ કે, જેમણે જુદા-જુદા ક્ષેત્રોમાં ઉપલબ્ધિઓ હાંસલ કરી છે. આઠમી માર્ચે તેઓ પોતાના કાર્યો અને અનુભવો દેશવાસીઓ સમક્ષ રજૂ કરશે. પ્લેટફોર્મ ભલે મારૂ હશે, પરંતુ ત્યાં અનુભવ, પડકારો અને ઉપલબ્ધિઓ આ મહિલાઓની હશે. જો તમે પણ અવસરનો લાભ મેળવવા માંગતા હોવ તો નમો એપ પર બનાવેલા એક વિશેષ ફોર્મના માધ્યમથી જોડાઈ શકો છો.‘

જો તમે પણ ઈચ્છતા હોવ કે, આ અવસર તમને મળે, તો દ્ઘ્ઠર્દ્ઘ્ છઁ ડાઉનલોડ કરી એક વિશેષ ફોર્મના માધ્યમથી આ પહેલમાં ભાગ લઈ શકો છો, મારા ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સની મદદથી વિશ્વ સમક્ષ પોતાની વાત રજૂ કરી શકો છો. તો આવો, મહિલા દિવસ પર આપણે સાથે મળીને આ અદ્ભૂત નારી-શક્તિની ઉજવણી કરીએ, સન્માન કરીએ, નમન કરીએ.

## ટ્રમ્પની વધુ એક ધમકીથી ફાર્મા કંપનીઓ પર સંકટ, શેર માર્કેટમાં હલચલના અણસાર

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ વોર અને આકરી બિઝનેસ નીતિઓથી વિશ્વના અન્ય દેશોમાં ટ્રેડવોરનો ભય પેદા કરી રહ્યા છે. રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા બાદ હવે ફાર્મા કંપનીઓ પર તવાઈ લાવવાનો નિર્ણય લીધો છે. તેમણે ફાર્મા કંપનીઓને અમેરિકામાં દવાની આયાત પર લાગુ ઊંચા ટેરિફથી બચવા માટે પોતાના મેન્યુફેક્ચરિંગ યુનિટ અમેરિકામાં શિફ્ટ કરવા સલાહ આપી છે. ટ્રમ્પના આ નિર્ણયથી દેશની કુલ ફાર્મા નિકાસમાં ૩૧ ટકાથી વધુ નિકાસ અમેરિકામાં કરતી ફાર્મા કંપનીઓને મોટું નુકસાન થઈ શકે છે.અમેરિકાના ફાર્મા લીડર્સ દવાની કિંમત નક્કી કરતાં નિયમોને સરળ બનાવવાની માગ કરી રહ્યા છે, એવામાં ભારતીય ફાર્મા કંપનીઓ નિકાસ પર ઊંચા ટેરિફથી બચવા દ્વિપક્ષીય ચર્ચાઓ પર વિશ્વાસ કરી રહી છે. ૨૦૨૩-૨૪માં ભારતે અમેરિકામાં ફાર્મા ક્ષેત્રે ૨૭.૯ અબજ ડોલરની નિકાસ કરી હતી. જે તેની કુલ ફાર્મા નિકાસના ૩૧ ટકા છે. અમેરિકામાં ૫૦ ટકાથી વધુ જેનરિક દવાઓની માગ ભારત પૂરી કરે છે. એવામાં ટ્રમ્પના ટેરિફ ટેન્શન તથા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપિત કરવાની સલાહ ભારતીય ફાર્મા કંપનીઓ માટે સંકટના વાદળો ઉભા કરી શકે છે.

વ્હાઈટ હાઉસની એક બેઠકમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફાઈઝર, એલી લીલી અને મર્કના ટોચના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેઓએ ટ્રમ્પને દવાની કિંમતોમાં સરકારનો હસ્તક્ષેપનો નિયમ પાછો ખેંચવા અપીલ કરી હતી. ફાર્મા ઈન્ડસ્ટ્રીનું માનવુ છે કે, વર્તમાન પોલિસીથી ફાર્માના વિકાસ પ્રોત્સાહનમાં બદલાવ આવશે, દવાઓ મોંઘી બનશે.

જો કે, ટ્રમ્પે આ નિયમ પાછો ખેંચવાનો ઈનકાર કર્યો હતો. તેમણે નિવેદન આપ્યું કે, અમેરિકામાં અન્ય દેશોની તુલનાએ દવાઓની કિંમત ઊંચી છે.જો ટ્રમ્પ ઊંચો ટેરિફ વસૂલવાની વાત પર અડગ રહ્યા તો ભારતમાંથી નિકાસ થતી દવાની કિંમત અમેરિકામાં વધી જશે. સિસ્ટમેટિક્સ ઈન્સ્ટીટ્યૂશનલ ઈક્વિટીઝના એનાલિસ્ટ વિશાલ મનચંદાનીએ જણાવ્યું કે, આ નિર્ણય મોંઘવારીમાં વધારો કરશે, કારણકે, અમેરિકામાં ભારત મોટાપાયે દવાઓનો પુરવઠો પૂરો પાડે છે. તેમની પાસે આવશ્યક



મેન્યુફેક્ચરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. ઊંચા ટેરિફના કારણે દવાઓની કિંમતમાં વધારો થશે. ટેરિફ ઉપરાંત દવાઓની કિંમત નક્કી કરવામાં અમેરિકાની સરકાર હસ્તક્ષેપ કરશે તો ફાર્મા કંપનીઓને નુક્સાન થઈ શકે છે. ટ્રમ્પનું ફાર્મા ક્ષેત્રે વલણ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી લિસ્ટેડ ભારતીય ફાર્મા કંપનીઓના શેર્સમાં અફરાતફરી જોવા મળી શકે છે.

## સુત્રાપાડામાં યુટ્યુબરની પિટાઈ: ખજૂરભાઈના સમર્થનમાં પોસ્ટના કારણે કીર્તિ પટેલે હુમલો કરાવ્યાનો આરોપ

ગીર સોમનાથ જિલ્લાના ગુંદાળા ગામના યુટ્યુબર દિનેશ સોલંકી ઉર્ફે રોયલ રાજાને મોડી રાત્રે ઘંટીયા ગામના ફાટક નજીક ઢોર માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં કિર્તી પટેલની સંડોવણી સામે આવી છે. યુટ્યુબરે દાવો કરતાં કહ્યું કે, ‘મારૂં અપહરણ કરી માર મારતી વખતે આ અજાણ્યા શખસોએ કિર્તી પટેલને વીડિયો કોલ કર્યો હતો. આ વીડિયો કોલમાં કિર્તીએ કહ્યું કે, રોયલ રાજાની મૂછ અને વાળ સારા નથી લાગતા, કાપી નાંખો. કિર્તીના આદેશ બાદ હુમલાખોરોએ મારી મૂંછ અને વાળ કાપી નાંખ્યા અમે મને ઢોર માર મારવામાં આવ્યો હતો.‘ જોકે, હાલ યુટ્યુબર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.યુટ્યુબર દિનેશ સોલંકી ઉર્ફે રોયલ રાજાના આરોપ અનુસાર, ‘ત્રણ કારમાં આવેલાં ૧૦ થી વધુ શખસોએ મારૂં અપહરણ કર્યું હતું, જેમાં બે યુવતીઓ પણ હતી. ત્યારબાદ તેઓ કારને એક ગોળના રાબડામાં લઈ ગયાં. જ્યાં મારા કપડાં ઉતારી નગ્ન કરી ઊંધો સુવડાવી ઢોર માર મારવામાં આવ્યો હતો. આ દરમિયાન હુમલાખોરોએ કિર્તી પટેલને વીડિયો કૉલ કર્યો હતો. જેમાં કિર્તી પટેલ એવું કહેતી હતી કે, રોયલ રાજાની મૂંછ અને વાળા સારા



નથી લાગતાં, તેને કાપી નાંખો. બાદમાં હુમલાખોરોએ મારા વાળ અને મૂંછો કાપી ઢોર માર માર્યો. આ સિવાય મારી પાસે માફી મંગાવતો વીડિયો પણ બનાવડાવ્યો અને તેને સોશિયલ મીડિયા પર વાઈરલ કરવાની પણ વાત કહી હતી. આ સિવાય મારી પાસેથી ૨૮ હજાર રૂપિયા પણ લૂંટી લેવામાં આવ્યા હતાં.

## અમદાવાદના નિકોલમાં મોટી દુર્ઘટના: ભેખડ ધસી પડતાં બે શ્રમિકો દટાયા, એકનું મોત

અમદાવાદના નિકોલ વિસ્તારમાં મોટી દુર્ઘટના સર્જાઇ છે. નિકોલ વિસ્તારમાં તૈયાર થઇ રહેલી કન્ટ્રક્શન સાઇડ પર ભેખડી ભસી પડતાં બે મજૂરો દટાયા છે. બંને મજૂરને બહાર કાઢી લેવામાં આવ્યો છે. જયારે અન્ય એક શ્રમિકનું મોત નીપજયું છે. ઘટનાની જાણ થતાં પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને રેસ્ક્યૂ કામગીરી કરી શરૂ હતી. હાલમાં બંને શ્રમિકોને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને તેમની સારવાર ચાલી રહી છે.

ફાયર વિભાગના કર્મચારીના જણાવ્યા અનુસાર કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે નિકોલ-વિરાટનગર રોડ પર આવેલા મનમોહન પાર્ક નજીક તૈયાર થઇ રહેલી બિલ્ડીંગના ખોદકામ દરમિયાન ભેખડ ધસી પડી હતી. જેમાં કેટલાક દટાયા હોવાનું જાણવા મળતાં ફાયરબ્રિગેડ બે ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂ ઓપરેશન કરી દટાયેલા બે શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં એક વ્યક્તિનું મોત નીપજયું છે, જયારે અન્ય એક વ્યક્તિ સભાન અવસ્થા છે. તાત્કાલિક તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને તેની સારવાર ચાલી રહી છે.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ દરમિયાન તપાસ કરતાં પોલીસને જાણવા મળ્યું હતું કે ઘટનાસ્થળે કોઇ જવાબદાર વ્યક્તિ હાજર ન હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ઉત્તરાખંડમાં વનીકરણ ભંડોળમાંથી આઈફોન, લેપટોપ ખરીદાયા: CAG રિપોર્ટમાં ખુલાસો

જનતાના રૂપિયાનો સરકારી તંત્ર દ્વારા દુરુપયોગ થવો, એ હવે ભારતમાં કોઈ નવાઈની વાત નથી રહી. તાજેતરમાં પણ આવો એક દુરુપયોગ સામે આવ્યો છે. ઉત્તરાખંડમાં વનીકરણ માટે નિશ્ચિત કરાયેલા ભંડોળમાંથી રાજ્યના વન વિભાગે પોતાના અંગત વપરાશ હેતુ વિવિધ ચીજવસ્તુઓ ખરીદી લીધી હોવાનું જાણવા મળ્યું છે! આ હકીકતનો ખુલાસો ભારતના ‘કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ’ (ઝઇછ) દ્વારા હાથ ધરવામાં આવેલા ઑડિટમાં થયો છે.‘દેવભૂમિ’ કહેવાતું ઉત્તરાખંડ રાજય ત્યાંના પર્યાવરણ અને ખુશનુમા આબોહવાને લીધે જાણીતું છે. કુદરતે આ પર્વતાળ રાજ્યને લખલૂંટ કુદરતી સૌંદર્યની લહાણી કરી છે. જોકે, છેલ્લા થોડા વર્ષોમાં વિકાસના નામે આ રાજયની કુદરતી



સંપદાઓનો કચ્ચરઘાણ કાઢવામાં આવી રહ્યો છે. તાજેતરમાં એવો જ એક કિસ્સો સામે આવ્યો છે, જેમાં રાજ્યના વન વિભાગે વનીકરણ માટે ફાળવાયેલા ભંડોળનો ઉપયોગ અસંબંધિત ચીજવસ્તુઓ ખરીદવા માટે કર્યો હતો. કરોડો રૂપિયાના ખર્ચે આઈફોન, લેપટોપ, રેફ્રિજરેટર્સ અને કૂલર ખરીદવામાં આવ્યા હતા. ઉપરાંત, વન વિભાગની ઈમારતોના રિનોવેશનમાં અને કાનૂની ફીની ચૂકવણીમાં પણ વનીકરણ માટેનું ભંડોળ નિયમોનો ભંગ કરીને વાપરવામાં આવ્યું હતું. ‘કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ’ (ઝઇછ) દ્વારા હાથ ધરવામાં આવેલા ઑડિટમાં આ સત્ય સામે આવ્યું છે. અહેવાલમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ સુધીની ‘કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી’ ની કામગીરીને આવરી લેવામાં આવી છે. અહેવાલ ગુરુવારે વિધાનસભામાં સબમિટ કરવામાં આવ્યો હતો.

## સુરતમાં ૧૦૮ એમ્બ્યુલન્સે સાયકલ સવાર બાળકીને અડફેટે લીધી, તેમાં જ સારવાર માટે ખસેડાઈ

સુરતના અડાજણમાં ૧૦૮ એમ્બ્યુલન્સે એક બાળકીને અડફેટે લીધી હતી. ૧૦ વર્ષીય બાળકી સાયકલ પર રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે અચાનક ૧૦૮ એમ્બ્યુલન્સ ચાલકે તેને અડફેટે લઈને ઊડાવી હતી. બાળકીને ઈજા પહોંચતા તે જ એમ્બ્યુલન્સમાં તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી. શનિવારે (૨૨મી ફેબ્રુઆરી) સર્જાયેલા આ અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.મળતી માહિતી અનુસાર, સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા સરદાર બ્રિજ નજીક ૧૦૮ એમ્બ્યુલન્સે સાયકલ સવાર ખનક મેવાડાને અડફેટે લીધી હતી. રોડ ક્રોસ કરતાં સમયે આ ઘટના બની હતી જે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. આ ઘટના બાદ બાળકીને જે એમ્બ્યુલન્સ દ્વારા અકસ્માત સર્જાયો હતો, તે જ એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી. સદનસીબે બાળકીને સામાન્ય ઈજા હોવાથી બાળકીના પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો

## સુરતમાં ૧૦૮ એમ્બ્યુલન્સે સાયકલ સવાર બાળકીને અડફેટે લીધી, તેમાં જ સારવાર માટે ખસેડાઈ

સુરતના અડાજણમાં ૧૦૮ એમ્બ્યુલન્સે એક બાળકીને અડફેટે લીધી હતી. ૧૦ વર્ષીય બાળકી સાયકલ પર રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે અચાનક ૧૦૮ એમ્બ્યુલન્સ ચાલકે તેને અડફેટે લઈને ઊડાવી હતી. બાળકીને ઈજા પહોંચતા તે જ એમ્બ્યુલન્સમાં તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી. શનિવારે (૨૨મી ફેબ્રુઆરી) સર્જાયેલા આ અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. મળતી માહિતી અનુસાર, સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા સરદાર બ્રિજ નજીક ૧૦૮ એમ્બ્યુલન્સે સાયકલ સવાર ખનક મેવાડાને અડફેટે લીધી હતી. રોડ ક્રોસ કરતાં સમયે આ ઘટના બની હતી જે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. આ ઘટના બાદ બાળકીને જે એમ્બ્યુલન્સ દ્વારા અકસ્માત સર્જાયો હતો.

તંત્રી લેખ

## ક્રૂડ ઓઈલના વૈશ્વિક માર્કેટમાં અમેરિકા સહિતના દેશોનો પુરવઠો વધતા ભાવ નીચે આવશે

વિજયવાડા : કેન્દ્રીય પેટ્રોલિયમ અને નેચરલ ગેસ પ્રધાન હરદીપ પુરીએ જણાવ્યું હતું કે અમેરિકા સહિત વિશ્વના દેશો દ્વારા વૈશ્વિક માર્કેટમાં વધુનેવધુઓઈલ આવતા વૈશ્વિક ઓઈલ ભાવ નીચે આવશે, જેના કારણે ફુગાવો અંકુશમાં રાખવામાં મદદ મળશે. તેમણે જણાવ્યું હતું કે ભારત ૪૦ દેશો પાસેથી આયાત કરે છે. વિશ્વમાં ઓઈલ પુરવઠો પૂરતા પ્રમાણમાં આવતા ઓઈલ ઉત્પાદન કરતાં દેશો ભાવ ઘટાડશે. ટ્રમ્પે પણ અમેરિકામાં ઓઈલનું ઉત્પાદન વધારવા પર ભાર મૂક્યો છે. હાલમાં અમેરિકા પ્રતિ દિન ૧૩ લાખ બેરલ ઓઈલનું ઉત્પાદન કરે છે અને તે વધીને પ્રતિ દિન ૧૬ લાખ બેરલ થાય તેમ મનાય છે. ભારત મુખ્યત્વે ઓછામાં ઓછા ભાવે ઓઈલ મળે ત માટે પ્રયત્નશીલ રહે છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે ભારતનો મુખ્ય હેતુ સસ્તા ભાવે ઓઈલ ખરીદવાનો છે, જેથી ફુગાવાને અંકુશમાં રાખવામાં મદદ મળે. ભારત અમેરિકા પાસેથી ૨૦ અબજ ડોલરનું ઓઈલ ખરીદે છે. બ્રાઝિલ હાલમાં પ્રતિ દિન ૩૦ લાખ બેરલ ક્રૂડનું ઉત્પાદન કરે છે અને તેણે બીજા દોઢ લાખ બેરલનું વધુ ઉત્પાદન શરુ કર્યુ છે. આ જ રીતે ગુયાના, સુરીનામ અને કેનેડા પણ ઓઈલનું ઉત્પાદન કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત એકમાત્ર એવો દેશ છે જેણે છેલ્લા ત્રણ વર્ષમાં આબકારી જકાતમાં ઘટાડો કરીને પેટ્રોલના ભાવમાં ઘટાડો કર્યો છે. નવેમ્બર ૨૦૨૧ અને મે ૨૦૨૨માં ભારતે આબકારી જકાતમાં ઘટાડો કર્યો હતો. તેમા પણ ભાજપ શાસિત રાજ્યોએ વેટ પણ ઘટાડયો હતો. તેમણે જણાવ્યું હતું કે ફેબ્રુઆરી ૨૦૨૨થી ૨૦૨૫ દરમિયાન પેટ્રોલના ભાવમાં પાકિસ્તાનમાં ૪૮ ટકા, બાંગ્લાદેશમાં ૧૪.૭ ટકા, શ્રીલંકામાં ૩૭ ટકા, નેપાળમાં ૧૬.૨ ટકા, અમેરિકામાં ૧૪.૨ ટકા, ઈટાલીમાં ૪.૮ ટકા, સ્પેનમાં ૪.૨ ટકા અને ફ્રાન્સમાં ૪.૨ ટકા વધારો થયો હતો.

# સપ્તાહ દરમિયાન ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૧,૮૮૦નો ઉછાળો



મુંબઈ : દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૫થી ૨૧ ફેબ્રુઆરી સુધીના સપ્તાહ દરમિયાન ૧,૨૪,૫૭,૪૪૯ સોદાઓમાં કુલ રૂ.૧૪,૧૮,૧૩૦.૮૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૪૯,૬૮૯.૯૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨,૬૮,૪૨૪.૨૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં ૯,૬૪,૦૬૫ સોદાઓમાં રૂ.૯૪,૭૦૫.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૮૬,૦૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૮૬,૫૯૨ અને નીચામાં રૂ.૮૪,૬૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૧૫ વધી રૂ.૮૬,૦૨૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્આરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૨૩ વધી રૂ.૬૯,૯૪૫ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૬૨ વધી રૂ.૮,૭૩૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૨ વધી રૂ.૮૫,૮૩૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૯૫,૪૪૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૮,૧૯૯ અને નીચામાં રૂ.૯૪,૮૯૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૮૮૦ના ઉછાળા સાથે રૂ.૯૭,૧૧૩ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૩૫ ઊછળી રૂ.૯૬,૯૨૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૩૨ ઊછળી રૂ.૯૬,૮૭૬ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૯,૬૭૨ સોદાઓમાં રૂ.૧૩,૦૧૬.૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ ફેબ્રુઆરી વાયદો રૂ.૮૬૯ના ભાવે ખૂલી, રૂ.૧.૯૦ વધી રૂ.૮૬૯.૭૫ જ્યારે એલ્યુમિનિયમફેબ્રુઆરીકોન્ટ્રેક્ટ રૂ.૭.૯૫ વધી રૂ.૨૬૪.૫૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ વધી રૂ.૧૭૯ના ભાવ થયા હતા. જસત ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪.૭૫ વધી રૂ.૨૭૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૭.૮૫ વધી રૂ.૨૬૪.૩૦ સીસુ-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૭૯.૬૦ જસત-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪.૫૦ વધી રૂ.૨૭૧.૨૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૮,૯૫,૯૩૯ સોદાઓમાં રૂ.૪૧,૯૫૧.૮૯ કરોડનો ધંધો થયો હતો. ક્રુડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૨૧૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૩૪૭ અને નીચામાં રૂ.૬,૧૪૬ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૧૧ વધી રૂ.૬,૩૧૬ બોલાયો હતો, જ્યારે ક્રુડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૧૨ વધી રૂ.૬,૩૧૭ બંધ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૧૫ના ભાવે ખૂલી, રૂ.૩૬.૩૦ વધી રૂ.૩૫૨.૮૦ અને નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો ૩૬.૭ વધી ૩૫૨.૯ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૬.૦૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૪,૦૯૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૪,૫૩૦ અને નીચામાં રૂ.૫૩,૮૩૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૮૦ વધી રૂ.૫૪,૪૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૩૦ વધી રૂ.૯૨૩.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૧,૧૩૧.૩૮ કરોડનાં ૫૯,૬૦૭.૦૦૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૩,૫૭૪.૫૩ કરોડનાં ૪,૪૮૦.૮૪૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રુડ તેલ અને ક્રુડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬,૦૨૨.૨૦ કરોડનાં ૯૬,૭૪,૧૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૩૫,૯૨૯.૬૯ કરોડનાં ૧,૦૫,૩૨,૭૭,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૬૩૩.૯૪ કરોડનાં ૬૨,૭૪૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૫૫.૬૨ કરોડનાં ૧૪,૧૮૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮,૩૭૮.૩૦કરોડનાં૯૬,૩૪૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૭૪૮.૨૪ કરોડનાં૧,૦૧,૯૦૯ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧.૧૧ કરોડનાં ૮૧૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૪.૯૮ કરોડનાં ૧૬૨ ટનનાં કામકાજ થયાં હતાં.

## પંજાબમાં જે વિભાગ નથી, તેમા ૨૦ મહિનાથી મંત્રી:ધારીવાલને ન ઓફિસ મળી કે ન તો સ્ટાફ; સરકારે ગેઝેટ બહાર પાડીને ભૂલ સુધારી



પંજાબના કેબિનેટ મંત્રી કુલદીપ સિંહ ધારીવાલ ૨૦ મહિનાથી વહીવટી સુધારા વિભાગ સંભાળી રહ્યા હતા, પરંતુ પંજાબ સરકારમાં આ વિભાગ અસ્તિત્વમાં નહોતો.મંત્રી ધારીવાલને ક્યારેય ઓફિસ કે સચિવ મળ્યા નહીં. ક્યારેય કોઈ વિભાગની બેઠક નહોતી થઈ. મંત્રી પોતે પોતાના વિભાગની શોધ કરતા રહ્યા.એવું કહેવાય છે કે જ્યારે મંત્રીએ આ બધું મુખ્યમંત્રી ભગવંત માનને કહ્યું ત્યારે તેમણે ભૂલ સુધારી.મુખ્યમંત્રીની સલાહ પર પંજાબના રાજ્યપાલે ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ એક ગેઝેટ સૂચના બહાર પાડી હતી જેમાં જણાવાયું હતું કે, વહીવટી સુધારા વિભાગ હવે અસ્તિત્વમાં નથી.

૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જારી કરાયેલ જાહેરનામામાં સુધારો કરવામાં આવ્યો હતો. આ પછી ધારીવાલ પાસેથી વહીવટી સુધારા પાછા લેવામાં આવ્યા અને ફક્ત દ્રૂઈં બાબતોનો વિભાગ તેમને સોંપવામાં આવ્યો.આશ્ચર્યજનક વાત એ છે કે વહીવટી સુધારા વિભાગ ફક્ત સરકારી રેકોર્ડમાં જ કાર્યરત હતો.

૨૦૨૩માં મળ્યો હતો વહીવટી સુધારા વિભાગ મંત્રી કુલદીપ સિંહ ધારીવાલ અજનાલા વિધાનસભા બેઠકના ધારાસભ્ય છે. તેમણે અગાઉ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ સંભાળ્યો હતો. સરકારે તેને પાછું ખેંચી લીધું હતું. ૧ જૂન, ૨૦૨૩ના રોજ તેમના પોર્ટફોલિયોમાં ફેરફારો કરવામાં આવ્યા હતા. ગુરમીત સિંહ ખુદિયાને કૃષિ અને કલ્યાણ વિભાગ આપવામાં આવ્યો. ધારીવાલને દ્રૂઈં બાબતો અને વહીવટી સુધારાનો પોર્ટફોલિયો સોંપવામાં આવ્યો હતો.

## પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવ ઘટશે! કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ આપી મહત્ત્વની જાણકારી




ઘણા સમયથી સામાન્ય લોકો પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવ ઘટવાની રાહ જોઈ રહ્યા હતા. હવે તે બધા માટે સારા સમાચાર છે. આગામી સમયમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં ઘટાડો થઈ શકે છે. વાસ્તવમાં કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે, 'અમેરિકા સહિત વૈશ્વિક બજારમાં તેલ ઉત્પાદન વધારવાની તૈયારીઓને કારણે, ઇંધણના ભાવમાં ઘટાડો થવાની શક્યતા છે.' અમેરિકામાં ટ્રમ્પે કહ્યું હતું કે, 'ડ્રિલ, બેબી, ડ્રિલ.' જે વધુ ખોદકામ અને વધુ તેલ નીકાળવાનો સંકેત છે. તેમણે સત્તાવાર રીતે કહ્યું હતું કે, તેઓ આંતરરાષ્ટ્રીય તેલના ભાવ ઘટાડવા માગે છે.

પુરીએ કહ્યું કે, 'આ માટે મને લાગે છે કે, વૈશ્વિક ઊર્જાની સ્થિતિમાં સુધારો આવશે. જેમાં બજારમાં વધુ તેલ અને ગેસ આવશે. આમ થવાથી આશા છે કે, તેની કિંમત ઘટાડવામાં પણ મદદ મળશે. જ્યારે ઓછી કિંમત પર ઊર્જા મળશે તો ફુગાવાની પરિસ્થિતિ પર નિયંત્રણ લાવવામાં પણ મદદરૂપ થશે.' તેમણે સ્પષ્ટ કર્યું કે, ભારતનો પ્રાથમિક ઉદ્દેશ્ય ફુગાવાને નિયંત્રણમાં લાવવા માટે ઓછી કિંમતમાં પૂરતા પ્રમાણમાં તેલની ખરીદી કરવાની જરૂર છે.

વધુમાં તેમણે કહ્યું કે, 'તેલની ખરીદીમાં ડોલરના ઉપયોગને ખત્મ કરવાનો ક્યારેય ઉદ્દેશ્ય ન હતો. જો કે, મોટાભાગના વ્યવહારો ડોલરમાં થાય છે અને હંમેશાથી થતી આવી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવા પ્રશાસન સાથે ભારતે સંપર્ક સ્થાપિત કરી લીધો છે. જેમાં ઊર્જાને લઈને ભારત અને અમેરિકાના સંબંધો વધુ મજબૂત થયા છે. આ અનુસાર ભારત અર્જેન્ટીના સહિત ૪૦ દેશોમાંથી તેલની આયાત કરે છે. જો કે, દુનિયામાં પર્યાપ્ત તેલ છે, એટલા માટે ઉત્પાદકો દેશો જે કાપ કરી રહ્યાં છે. તેઓ પણ હવે પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરવા મજબૂર કરશે.

# માતૃભાષા ગુજરાતીઃ વિકાસ, મહત્વ અને મમત્વ



તખુભાઈ સાંડસુર

માતૃભાષાનું ગૌરવ કરવાનો દિવસ એટલે વિશ્વ માતૃભાષા દિવસ. એવું કહેવાય છે કે ૧૯૫૨માં પૂર્વ પાકિસ્તાનમાં પાકિસ્તાન સરકારે ઉર્દુ ભાષાને માતૃભાષા તરીકે અને ફરજિયાત ભાષા તરીકે લાગુ કરવાનો જબરજસ્તી પુર્ણ નિર્ણય કર્યો.આ નિર્ણય હાલના બાંગ્લાદેશ અને તે સમયના પૂર્વ પાકિસ્તાન અને તેની પ્રજાને મંજૂર નહોતો, કારણ કે તેમની માતૃભાષા એ બંગાળી હતી. તેથી તેઓ તેની માતા બંગાળીને પ્રેમ કરતા હતાં. આ રીતે જબરજસ્તીથી કોઈ ભાષાને લાદી દેવા થયેલા પ્રયત્નો પુર્વ પાકિસ્તાનના પ્રજાજનોએ સખત વિરોધ કરીને આંદોલન કર્યું.તે આંદોલનમાં ૨૧મી ફેબ્રુઆરીના દિવસે ચાર લોકો શહીદ થયાં. પછીથી આ દિવસને માતૃભાષા દિવસ તરીકે ઉજવવાનું યુનોએ નક્કી કર્યું છે.તેથી આજનો દિવસ માતૃભાષા દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે.

આપણે માતૃભાષા ગુજરાતીના સાર્વત્રિક ઈતિહાસ તરફ નજર કરીએ છીએ ત્યારે દેખાય છે કે આપણી ભાષા પણ સમગ્ર વિશ્વમાં એક કીર્તિસ્તંભની માફક આજે પણ ઉભી છે.સમગ્ર વિશ્વમાં ૯૦૦ ભાષા બોલાય છે. અને એવું કહેવાય છે કે આ ભાષાનો ઉદભવ ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.સન પૂર્વે ૫૫૦૦ દરમિયાન થયેલો. પછી ધીમે ધીમે સંસ્કૃત ભાષા આવી જેમાં વૈદિક સંસ્કૃત,લૌકિક સંસ્કૃત અને સીએટ સંસ્કૃત એવા ત્રણ સંસ્કૃત ભાષાના સ્વરૂપો હતા. સંસ્કૃતની વિદાય અથવા તેમાંથી ઉતરી આવીને પ્રાકૃત ભાષાનો ઉદભવ થાય છે. જેમાંથી માગધી, શેની પૈસાચી વગેરે ભાષાઓ થઈનો ઉલ્લેખ મળે છે. ત્રીજા અને છેલ્લા તબક્કામાં ગુજરાતી અને ગુજરાતનો ઉલ્લેખ મળે છે. આરબ પ્રવાસીઓ ઈ.સ.૯૧૬ માં અબુજેદી અને ૯૪૩માં અલબરુની જ્યારે ભારતમાં આવે છે ત્યારે તેઓ ગુર્જર શબ્દનો ઉપયોગ કરે છે. પછી ધીમે ધીમે ગુર્જર પરથી ગુજરાતી ઉતરી આવે છે.નરસિંહરાવ દિવેટિયા તેને ઈ.સ. ૫૫૦ પછીનો સમય તે ગણાવે છે. જેમાં પણ આપણે ત્રણ તબક્કાઓને ગણી શકીએ.

પ્રથમ તબક્કો એટલે ગુર્જર અપભ્રંશ ભાષા જે ઈસવીસન ૧૦મી સદીથી ૧૪મી સદી દરમિયાન ઉતરી આવી છે. ગુજરાતીનું આ પ્રથમ દર્શન હેમચંદ્રના પ્રાકૃતિક વ્યાકરણમાં મળે છે.પછી બીજો તબક્કો આવે છે મધ્યકાલીન ગુજરાતી. જે ઈસવીસન ૧૪ થી ૧૭મી સદીનો ગાળો છે. ત્યાં આ ભાષા રાજસ્થાની ને મળતી આવે છે. જેમાં તમે કાદંબરી ,નરસિંહ -મીરાના ભજનો અને વસંત વિલાસ જેવી કૃતિઓ ને ગણાવી શકો. છેલ્લો અને અંતિમ તબક્કો આવે છે અર્વાચીન ગુજરાતી ભાષા. કે જેનો પ્રારંભ ૧૭ મી સદીથી માનવામાં આવે છે. પ્રેમાનંદ થી દયારામ સુધીનો તબક્કો ૧૬૮૦ થી ૧૮૫૦ દરમિયાન અર્વાચીન ગુજરાતી ભાષા પગરણ કરતી દેખાઈ રહી છે. પરંતુ ગુજરાતી સાહિત્યને સમગ્ર આલેખમાં મૂકીએ તો તેનો ૧૦૦૦ વર્ષ નો ઉદ્ભવ અને વિકાસ છે. કોઈ સંશોધકો એમ પણ કહે છે કે ૧૫ મી થી ૧૬મી સદી દરમિયાન પારસીઓ ગુજરાતી બોલતા થાય છે,તેનું મૂળ સંસ્કૃતિ, ફારસી અને સ્થાનિક ગુજરાતીઓમાં દેખાઈ રહ્યું છે.

ગુજરાતી ભાષાની સૌથી પ્રથમ કૃતિઓ તરીકે રોજનીશી લખનાર દુર્ગારામ મહેતા હતાં, તેનો સમયગાળો ૧૮૪૦નો હતો. નિબંધ સૌપ્રથમ લખ્યો નર્મદા શંકર દવેએ ૧૮૫૧માં, નવલકથા નંદશંકર મહેતાએ ૧૮૬૬ માં લખી અને આત્મકથા નર્મદા શંકર દવે ૧૮૬૬ માં લખી. સાહિત્યનું શિક્ષણ ૧૯ મી સદી સુધી દેવનાગરી લિપિ દ્વારા થતું હતું. ગુજરાતના મધ્યકાલીન યુગના કવિઓ જેમાં અખો, પ્રેમાનંદ અને શામળ ભટ્ટ આગળની હરોળમાં મ દેખાઈ રહ્યાં છે. તેઓ બધા ૧૫૯૧ થી શરૂ કરીને ૧૭૬૯ સુધી થઈ ગયા.

ગુજરાતી ભાષાનું મહત્વ કોઈ ભાષા સાથે સરખામણી કરીને ઓછું આંકી શકાય તેમ નથી. ભારતની સ્થાનિક ભાષામાં ગુજરાતી ૨૬ માં ક્રમે છે અને કુલ લગભગ ૫.૬૪ કરોડ લોકો બોલચાલની ભાષા તરીકે તેનો ઉપયોગ કરી રહ્યા છે. જે દેશની ૪.૫% જેટલી વસ્તી છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં લગભગ ૨૫ રાજ્યોમાં લોકો ગુજરાતી ભાષા બોલતા લોકો વસવાટ કરે છે.તેથી જ નર્મદ કહે છે કે ×જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત×. તો વળી આપણા ગીત કવિ તુષાર શુક્લ કહે છે

×આપણે એને સાચવી જાણીએ

આપણને એ સાચવતી એ ધૂળ નથી છે કુળ આપણું

ભાષા મારી ગુજરાતી છે×

આ શબ્દો છે ગુજરાતીના પોખંણા કરવાના કેવી રીતે આપણે આપણી માતાના ખોળામાંથી ઉભા થઈ શકીએ.કોઈ અન્ય ભાષાઓનું જ્ઞાન જરૂરી છે અને તેના અમલીકરણ કે પછી આદાન પ્રદાન માટે વૈશ્વિક સ્થિતિની સાથે જોડાવા કદાચ અન્ય ભાષાઓની અગત્યતાને આપણે કોરાણી ન કરી શકીએ તો પણ આપણે આપણી માંને ધક્કો તો નહી જ મારી શકીએ!! આપણું માતૃભાષા શિક્ષણનું મહત્વ ઓછું ન થવું જોઈએ તેથી જ નવી શિક્ષણનીતિ-૨૦૨૦ માં આ વાત ખૂબ ભારપુર્વક સ્વીકારી છે.

દરેક ગુજરાતીને પોતાની માતૃભાષાનું મમત્વ છૂટવું ન જોઈએ.કારણ કે માંના મહત્વમા તેના ગર્ભમાં આપણા મૂલ્યો,આપણાં આદર્શો, આપનો ઈતિહાસ, આપણી સંસ્કૃતિ પરંપરા એટલું ઘૂંટાઈ ઘુટાઈને ભર્યું છે કે તેને સહેજ પણ બાજુમાં મૂકવાથી કેટલું બધું આપણાથી દૂર થવાની વીતી અને અંધકાર ડોકાઈ રહ્યો છે. જીવનના મેનેજમેન્ટને સારી રીતે સમજવા માટે આપણાં ઐતિહાસિક એવા દસ્તાવેજો કે જે ત્યાગ, સમર્પણ, મૂલ્ય અને આદર્શોના પાયા ઉપર ખપી ગયા છે અને જીવનને જે રીતે જીવી જાણીને આજે પણ તેની ખુશ્બુ સૌને આપી રહ્યા છે તેને આપણે કેવી રીતે ભૂલી શકીએ.તેથી ગુજરાતીએ ગુજરાતીથી જરાય દૂર ન જવું જોઈએ. આપણે ગુજરાતી તરીકે વિશ્વના કોઈપણ ખૂણે જઈએ તો પણ આ ભાષાનું મહત્વ ઓછું ન થવું જોઈએ અને ગૌરવપૂર્વક કહીએ કે હા અમારી ભાષા ગુજરાતી છે.ગુજરાતી આપણાંથી આપણે ગુજરાતીથી રુડાં અરુણ પ્રભાત બની રહે તે જરૂરી છે.

આવો એક નારો કરીએ ×ગર્વ છે કે હું ગુજરાતી છું અને મારી માતૃભાષા ગુજરાતી છે.×

## આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે ગઈ કાલે ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં " ૨૧ ફેબ્રુઆરી માતૃભાષા દિન " ઉજવણી કાર્યક્રમનું અતિ ભવ્ય આયોજન કરવામાં આવેલ



સમગ્ર કાર્યક્રમનું સંચાલન અહીં સિડની વસતા સવાઈ ગુજરાતી કહી શકાય એવાં સાહિત્યકાર બહેન શ્રી વૈભવી જોશીએ સાંભળ્યું હતું. એમણે એમનાં મનમોહક સ્વરમાં શ્રોતાઓને લગભગ અઢી કલાક સુધી મંત્ર મુગ્ધ કરી દીધા હતાં.આવા સુંદર કાર્યક્રમની વિશેષતા એ હતી કે ગુજરાતી ભાષા ના તમામ પાસાઓ ની અંત્યંત સુંદર કલાત્મક રજુઆત કરવામાં આવી. ત્રણ દીકરીઓના ગણેશ વંદનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યાર બાદ દિવ્યા ચૌહાણ નામની દસ વર્ષની બાળકીએ સરસ્વતી વંદના રૂપે એક સુંદર ગીત ગાયું. ત્યાર બાદ લતા મંગેશકર ની યાદોના પ્રસંગને વાગોળતાં શ્રીમતી દક્ષાબહેન ચૌહાણે એક સુંદર ગુજરાતી ગીત રજૂ કર્યું.કાર્યક્રમનુ વિશેષ આકર્ષણ તો કલાકાર ડો. ઈંગીતા ઠક્કર નું એક પાત્રિય અભિનય, શ્રીમતી ઝરમર પંડ્યા જોશી નું કલાસિકલ નૃત્ય, તથા હાજર રહેલા વિવિધ સાહિત્યકારોની કૃતિઓની અભિવ્યક્તિ બની રહ્યાં. વધુ મજા તો ત્યારે આવી કે ઓસ્ટ્રેલિયામાં જન્મેલાં નાના બાળકો જેઓ જન્મથી અંગ્રેજો ભાષા બોલવા ટેવાયેલાં છે તેઓએ ગુજરાતી ભાષામાં બાળગીતો રજૂ કર્યા. એમાંય વૈભવીબહેનની દિકરી શાન્વી એ એની કાલી ઘેલી ભાષા માં ×ચાંદો સૂરજ બે રમતા ' તા, રમતા ' તા કોઢી જડી... વાળું ગીત એક જ શ્વાસે ગાયું ત્યારે સમગ્ર હોલ તાળીઓના ગડગડાટ થી ગુંજી ઉઠ્યો હતો.કાર્યક્રમ એટલો ભાવવાહી બની રહ્યો હતો કે ત્યાંથી છૂટા પાડવાનું કોઈને મન થતું ન હતું.

જશુભાઈ પટેલ
સિડની, ઓસ્ટ્રેલિયા.

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 188**
વિષય : માતૃભાષા દિવસ
શીર્ષક : " માતૃભાષા ગુજરાતી "
પ્રકાર : પદ્ય - શબ્દો: ૬૪

માતૃભાષા છે અમારી ગુજરાતી;
અંતરમનથી છે વ્હાલી ગુજરાતી;

સરળને સહેલી છે એ સમજવી,
લાગે પણ એ છે પ્યારી ગુજરાતી;

કલમથી શરૂ કરી જ્ઞાની બનાવી દે,
છંદ બદ્ધ ને છે અલંકારી ગુજરાતી;

સુશીલ, મનોહર ને વૈભવે છલકાતી,
તો, કર્ણ - પ્રિય છે વાણી ગુજરાતી;

રગે રગમાં બની રુધિર એ વહે છે,
ગળથૂથીથી છે સમાણી ગુજરાતી;

દેશ વિદેશ, દશે દિશાઓમાં, જેની-
"વ્યોમ" સુધી છે ખ્યાતિ ગુજરાતી;

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 152**
વિષય: માતૃભાષા દિવસ
શીર્ષક: ગુજરાતી સદા...
પ્રકાર: ગઝલ છંદોબદ્ધ શબ્દ : ૯૪

ગુર્જર હૃદયનો ભાવ ને ધબકાર ગુજરાતી સદા.
રાખે જગતમાં કાયમી સત્કાર ગુજરાતી સદા.

ખળખળ વહે જાણે ધવલ હિમ શિખરે ભાગીરથી,
પાવન સહજ છે જીભનો શણગાર ગુજરાતી સદા.

શબ્દો મહીં છે જોમ ને શૂરવીરતા એવી અજબ,
મડદાં કરે એ જીવતાં રણકાર ગુજરાતી સદા.

કોમળ હશે શબ્દો છતાં ભીતર શૂરાતન છે ભર્યું,
સમરાંગણે થઈ ગાજતો ટંકાર ગુજરાતી સદા.

નર્મદના ખોળે ઉછરી, દલપત મુખે શોભી ઘણી,
રાખે છે મેઘાણી તણી, અણસાર ગુજરાતી સદા.

નરસિંહની કરતાલમાં ગુંજ્યા કરે ભવનાથમાં,
અહીં દોહરામાં ગુંજતો, પડકાર ગુજરાતી સદા.

શીખો ભલે ભાષા અનેકો પણ હૃદય રહેશે વસી,
"હે ! મા" મુસીબતમાં થશે, ઉદગાર ગુજરાતી સદા.

શદિલીપ ધોળકિયા,"શ્યામ"જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 92**
વિષય: માતૃભાષા દિવસ
શીર્ષક: જન્મ - મરણનો નાતો
પ્રકાર: પદ્ય. શબ્દ : ૧૩૭

મીઠી મારી માત ને મીઠી મારી ભાષા,
આવકારો, પોકારો એમાં, છુપી છે આશા.
કહેવતો, રૂઢિપ્રયોગો ને અલંકારોથી સભર,
ગરવી, સરળ, મૃદુ ને સૌમ્ય એની મીમાંસા.

અભિવ્યક્તિ એની છે સહેલી,
જાણે અબોલને ફૂટે વાચા.
શબ્દો એના સહેલાં ને સરળ,
વિચારોને કરે દ્રઢ અને સાચાં.

સંસ્કાર અને ગરિમાથી છે સભર,
આપે આદર ને સન્માન સહુને.
સાંભળનાર ચકિત થઈ સાંભળ્યા કરે,
સરસ્વતીજીની છે એ લાડકી, સાચું કહુંને.

મા એ આપી ગરાસ એની,
આપું હું મારા સંતાનોને.
ખાતરી રાખીએ કે નવ તૂટે આ કડી,
મારાથી કે મારા પોતાનાઓને.

હાલરડાં, ફટાણાંમાં ગુંજતી,
મરશિયામાં, ભજનોમાં એ રોતી.
નવ રસોને પોતાનામાં સમાવ્યા પણ,
નૂર પોતાનું કદાપીએ ના ખોતી.

છે આશા હૈયે છેલ્લી કે મળે માનો ખોળો,
ગરવી માતૃભાષામાં થાયે પ્રાર્થના.
ગુજરાતી છું ગર્વ છે મને,
આવી જ તો હોય મારી અભ્યર્થના.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષય- વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષક-"મીઠડી,મધુરી
મારી માતૃભાષા". શબ્દ-૧૦૦

જન્મ્યા ટાણે રડવાનો અવાજ,
કઈ ભાષા હશે એ?
માનાં ધાવણના ઘૂંટડાનો અવાજ,
કઈ ભાષા હશે એ?
મા સમજે છે!
બાળકને શું જોશે?
કઈ ભાષા હશે એ?

આપણે લેતાં સ્વાદ ચટાકા!
પેટ દુઃખે ઉંહ-આહ કરતાં,
કઈ ભાષા હશે એ?

મંગળા ગાતી દાદીનું ગણગણ,
સુણાતાં પરોઢે પંખી કલરવ,
નિશાળ ઘંટનો ઘંટારવ,
ગોરજ ટાણે ગાય ભાંભરતી,
સંધ્યા આરતી સૌને સંભળાતી,
સિહ તરાડે,કોતર પડઘાતી,
ભ્રમરનાં ગુંજનથી કુદરત ગુંજાતી,
ૐકારના ધ્વનિમાં સંભળાતી,
મારી ભાષા માતૃભાષા!
રગરગમાં રમણાતી
એજ એજ એ !
મીઠી વ્હાલી !

ગર્વીલી ગૌરવવંતી! ગુજરાતી!મુક્તિદા કુમાર . મનચલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: *NOG* *SS* *NO.* *0185*
વિષય: ૨૧મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષક : મા મારી ભાષા ગુજરાતી
પ્રકાર : પદ્ય (કાવ્ય ) - શબ્દો : ૧૨૨

મધમીઠી પ્યારી જ લાગે બોલીને,
ઉરમાંથી પ્રગટે સ્પંદનો પૂરા ભાવે,
પ્રેમે લખાય મારી ભાષા ગુજરાતી,
સૌને પ્યારી લાગે ભાષા ગુજરાતી.

ભણતર પ્રગટ્યું જ્ઞાનની શાળાએ,
કક્કાએ જણાવી ભાષા ગુજરાતી,
વહાલી 'મા' મને જેવી પ્યારી લાગે,
તેવી પ્યારી મા છે ભાષા ગુજરાતી.

અન્ય ભાષાને ભણજો જરૂરથી,
ભૂલો નહીં મારી ભાષા ગુજરાતી,
લાગણીઓએ ભળીને એક થશો,
અમૂલ્ય મારી મા ભાષા ગુજરાતી.

માતૃભાષા ગુજરાતીનું કરો સન્માન,
ભવિષ્ય ઉજળું લખીને ને બોલીને,
ઉન્નત મસ્તકને રાખો માતૃભાષાએ,
હળવી શૈલી મારી ભાષા ગુજરાતી.

ઓળખ ભુંસાઈ જો ભાષાની હૈયે,
સંસ્કૃતિ ખોવાશે સમયના વહેણમાં,
સંબંધોનો થશે વિલય મુકામે મુકામે,
મારો શ્વાસ જીવનો ભાષા ગુજરાતી.

વિશ્વ માતૃભાષાના દિવસે યાદ કરો,
ઋણ છે સદા સૌ પર માતૃભાષાનું,
ઋણ ચૂકવો ને સાચવો સૌની ભાષા,
'ઝરૂખો' કહે સાચવો કલમે-વાણીએ.

'હું' ને 'મારી' ભાષા છીએ ગુજરાતી.

-દિલીપ સી. સોની 'ઝરૂખો'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષયઃ- માતૃભાષા દિવસ
શીર્ષકઃ- ગમતી ભાષા ગુજરાતી
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૭૧

ક્યાંય આપવી નથી પડી મારે એક પાઈ રાતી,
પછી તો કેમ ના બોલું ગમતી ભાષા ગુજરાતી.

મા છે મારી મદમસ્ત ને મલકાતી ને મદમાતી,
મને ગમે છે માતૃભાષા એજ મારી ગુજરાતી.

બા,બા, બોલતા શીખ્યો,પ્રેમથી એ પરખાતી,
રમતા રમતા હ્રદયની રહેશે ભાષા ગુજરાતી.

હિંદીનું છે હેત ઘણું, અંગ્રેજી છે અણગમતી,
ગોવર્ધનના ગદ્યમાં રમતી એ ભાષા ગુજરાતી.

રાષ્ટ્રભાષા છે રમતી ને માતૃભાષા મનગમતી,
ગુર્જરધરામાં ધમધમતી ભાષા રહેશે ગુજરાતી.

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG:SS:NO. : 142**
વિષય : વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષક : ગુજરાતી સપના
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૪૬

દુનિયાની કોઈ પણ છતના આશરે જીવન ગાળો, સહારો કોઈ પણ ભાષાનો ચાલે, પણ માથે પાઘડી તો હંમેશા ગુજરાતી જ હોવી જોઈએ. હું ગુજરાતી છું તો માત્ર ગુજરાતીનો જ ઉપયોગ કરું, અન્ય ભાષાનો પ્રયોગ કરીને ગુજરાતીને લજ્જા કેમ લગાવું!?

ગુજરાતી મારી ઓળખ છે, એના થકી મારું અસ્તિત્વ છે, એના થકી સમગ્ર વિશ્વમાં હું ગુજરાતી તરીકે ઓળખાવું છું. જન્મ સાથે જ મળેલી ભાષા માટે માત્ર એક જ દિવસ પુરતો નથી. મારે મન દરેક દિવસ, દરેક પળ માતૃભાષા માટે સમર્પિત હોવી જોઈએ.

આજે ગુજરાતી સાથે કેટલાય પરપ્રાંતીય શબ્દો દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે, એને તારવવા ખરેખર મુશ્કેલ છે. ગુજરાતી ભાષાની તાકાત અને મહિમા એવો છે કે, એ કાચના ટુકડા હોવા છતાંય આજે એ શબ્દો સમી માળાના મોંઘેરા મોતી સમાન બની ગયા છે. ગુજરાતી એટલે ખરેખર કમળનું પુષ્પ. એની એક આગવી ઓળખ છે, પ્રતિષ્ઠા છે, આપણે સૌ સાથે મળીને માત્ર એને સાચવવાની છે, જાળવવાની છે.

શરમજનક વાત એ છે કે, મારા જ ના કહેવાતા ભાઈઓ આજે પોતાની જાતને અંગ્રેજ તરીકે જોવા માંગે છે. અંગ્રેજોના શાસન માંથી મુક્ત થયા બાદ ભારતમાં બધે જ અંગ્રેજીપણું રહી ગયું છે, એની થોડી અસર હોય એ માન્યું, પરંતુ ગુજરાતી માતાના ઉદરમાંથી જન્મ લીધા બાદ, ગુજરાતી માતપિતાના ખોળે રમીને મોટા થયા બાદ પણ, એમાં ગુજરાતીની ઉણપ આવે, ગુજરાતીની ઓછપ આવે ત્યારે ખરેખર દુઃખ થવું સ્વાભાવિક છે. વાત સંસ્કારની છે જ નઈ, કારણ કે જે નથી એની પર આંગળી ના ઉઠાવી શકાય.

આ વિશ્વમાં સાહિત્ય જ એક માત્ર માધ્યમ છે જે આપણી માતૃભાષાને સાચવી રહ્યું છે, બચાવી રહ્યું છે, જાણે-અજાણે પણ ગુજરાતી ભાષાની લુપ્તતા સામે લડી રહ્યું છે. માટે વિશ્વના દરેક ખૂણે વસતા ગુજરાતી કવિ, લેખક, સાહિત્યકાર અને તંત્રી-સંપાદકને મારા વંદન. જેમ આજે પાણી બોટલો માં વેચાય છે એમ કાલે ગુજરાતી ભાષા માત્ર ગઝલો અને કાવ્યોમાં જ રહી જશે એવી બીક લાગે છે. એના માટે થઈને બધાએ ભાષા રૂપી સાગરમાં ડૂબકી લગાવવી જરૂરી છે.

હું એક એવા દિવસની રાહ જોવું છું કે જ્યારે વિદેશીઓ પણ કહેતા ફરશે કે, લાલા મને ગુજરાતી આવડે છે..હોં..કે... અંગ્રેજો પણ ગુજરાતીમાં સપના જોવે એવા સપના હું જોવું છું.

એના શબ્દે-શબ્દે અર્થ જુદા, એથી જુદા છે ભાવ.
અગણિત ભાષા છે છતાંય, મને એક માત્ર લગાવ.
મુજ હૈયે વસી ગુજરાતી, ગમે માતૃભાષાની છાવ.

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 385**
વિષયઃ- માતૃભાષા દિવસ
શીર્ષકઃ- વહાલી મને ગુજરાતી
પ્રકારઃ- અછાંદસ ગઝલ શબ્દોઃ- ૧૧૩

પહેલાં ઘૂંટ્યો હતો કક્કો, પછી શીખ્યા આલ્ફાબેટ,
એક બિલાડી જાડી હતી, તે થઈ ગઈ છે પુસી કેટ.

ખુલ્લા મેદાનોમાં ખૂબ રમતાં હતાં ગિલ્લી ને દંડાથી,
પછી કાળક્રમે જુઓ હવે વળગી ગયાં બોલ ને બેટ.

ભેગાં મળીને મિત્રો ચાર, કરતાં'તાં વાતો કેવી મધુરી!
ગુજલીશમાં કરે ફેકંફેક અને કહે કરીએ છીએ ચેટ.

પ્રિતમને મળવા નદીકિનારે જતી હતી અભિસારિકા,
હવે ક્લબો ને પાર્ટીઓમાં છોરાછોરી કરે પરસ્પર ડેટ.

ધોતી ને ઝભ્ભો, માથે ટોપી ધોળી, હતો એ પહેરવેશ,
કોટ, પેન્ટ, ટાઇ હવે પહેરે ને માથે મૂકે સાહેબની હેટ.
કાકા, મામા, માસા અંકલ; કાકી, મામી, માસી, આંટી,
સાચા સગપણોને ભૂલાવે એ અંગ્રેજી ભાષાની ભેટ.

ભાષાને શું વળગે ભૂર, ભલે કહે અખો તોયે 'સનમ',
વહાલી મને ગુજરાતી, અંગ્રેજીથી નથી આભડછેટ.

મુકુલ દવે "સનમ".

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 219**
વિષય : માતૃભાષા દિન
શીર્ષક : ★માતૃભાષા ગુજરાતી – ગૌરવ અને આપણી ઓળખ★. શબ્દ સંખ્યાઃ ૨૯૭

આજના સુંદર અવસરે, હું મારા હૃદયની ગહન લાગણીઓ સાથે "માતૃભાષા ગુજરાતી" વિષે વાત કરવા માગું છું.

"ગુજરાતી" માત્ર એક ભાષા નથી, તે તો આપણી ઓળખ છે, આપણી સંસ્કૃતિ છે અને આપણી ભાવનાઓનું મૂલ્ય છે.

ગુજરાતી – ગૌરવ અને માતૃભાષાનું મહત્ત્વ

"જેને માતૃભાષાનો ગૌરવ હોય,
તે જગતમાં કદી ના હારે!"

મિત્રો, કોઈપણ રાષ્ટ્ર કે સમાજ માટે માતૃભાષા એ એનો આત્મા છે. એક બાળકને બાળપણમાં જે ભાષા મળે, તે જ એના વિચારો અને વ્યક્તિત્વને ઘડે છે. ગાંધીજી, સરદાર પટેલ, ઝવેરચંદ મેઘાણી, નરસિંહ મહેતા, ઉમાશંકર જોષી – આ બધા મહાનુભાવો ગુજરાતી ભાષાની ગૌરવગાથા છે.

જેમ માતાની છાંયા આપણે ઉષ્મા આપે છે, તેમ માતૃભાષા આપણું સંસ્કારરક્ષણ કરે છે.

ગુજરાતી ભાષાનું યોગદાન

"ગુજરાતી માત્ર ભાષા નથી,
તે તત્વ છે, તે જીવંત પરંપરા છે."

ગુજરાતી એ વિશ્વભર વિખરાયેલી ભાષા છે.

સાહિત્ય, કાવ્યો અને લોકસાહિત્યમાં અનોખું સ્થાન ધરાવે છે.

વ્યાપાર અને આર્થિક વિકાસમાં ગુજરાતી ભાષાએ પોતાનું મહત્વ જાળવી રાખ્યું છે.

જો આપણે માતૃભાષા માટે સન્માન રાખીશું, તો તે આપણું ભવિષ્ય સુરક્ષિત કરશે.

ગુજરાતી ભાષા માટે આપણું કર્તવ્ય

"બનીએ નવી પેઢી માટે પ્રેરણા,
ગુજરાતી રાખીએ જીવંત અખૂટ પ્રવાહ જેમ!"

ગુજરાતી બોલવામાં ગૌરવ અનુભવો – રોજની વાતચીતમાં ગુજરાતીનો ઉપયોગ કરવો.

ગુજરાતી વાંચન વધારવું – સાહિત્ય, કવિતાઓ અને લોકવાર્તાઓ વાંચવા.

આપણા બાળકોને ગુજરાતી શીખવવું – નવી પેઢીને માતૃભાષાનો પ્રેમ અને ગૌરવ અપાવવું.

ડિજિટલ યુગમાં ગુજરાતી ફેલાવવી – સોશિયલ મીડિયા, બ્લોગ અને વિડિયો દ્વારા ગુજરાતી ભાષાનો પ્રચાર કરવો.

સારાંશ

"ગુજરાતી બોલું છું, ગુજરાતી ગાઉં છું,
મારા હૃદયમાં ગુજરાતી જ વસાઉં છું!"

મિત્રો, વિશ્વમાં કેટલાય વિકલ્પ હોઈ શકે, પણ માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી.
ગુજરાતી એ માત્ર એક ભાષા નથી, તે આપણા હૃદયની ઓળખ છે.

આજે આપણે શપથ લઈએ કે ગુજરાતી ભાષાનું ગૌરવ વધારશું, તેને જીવંત રાખી, આગલી પેઢી માટે એક ઉમદા વારસો આપીશું!


"માતૃભાષા ગુજરાતી – એ મારા શ્વાસ સમાન છે,
ગુજરાતી છું, ગુજરાતી ભાષા મારું ગૌરવ છે!"

જય જય ગરવી ગુજરાત!

● નયના જે. સોલંકી..આંખો

# માતૃભાષા શિક્ષણ કેન્દ્ર બોટાદ દ્વારા કવિ બોટાદકર કૉલેજ ખાતે 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ભવ્ય ઉજવણી..!









ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, કવિ શ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ અને માતૃભાષા શિક્ષણ કેન્દ્ર-બોટાદ દ્વારા માતૃભાષા મહોત્સવ-૨૦૨૫ અંતર્ગત વિશ્વ માતૃભાષા દિવસની ભવ્ય ઉજવણી કવિ બોટાદકર કૉલેજ ખાતે કરવામાં આવી. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહા સાહેબ અને મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ સાહેબના પ્રયત્નોથી સમગ્ર ગુજરાતમાં 'મળી માતૃભાષા મને ગુજરાતી' શિર્ષક હેઠળ માતૃભાષા મહોત્સવ-૨૦૨૫ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો.

વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ ડૉ.અનિરુદ્ધસિંહ મકવાણા સાહેબ (આચાર્યશ્રી કવિ શ્રી બોટાદકર કૉલેજ),

અતિથિવિશેષ પ્રદીપભાઈ રાવલ તંત્રીશ્રી ન્યૂઝ ઓફ ગાંધીનગર અને મનુભાઈ પટેલ કવિ અવધૂત (ન્યૂયોર્ક, USA) ખાસ ઉપસ્થિત રહી પ્રેરક વક્તવ્ય આપ્યાં હતાં. માતૃભાષા મહોત્સવના મુખ્ય વક્તા તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વક્તા જય વસાવડા ( લેખક-વકતા-પ્રવાસી) અને પ્રા. વૈશાલીબહેન દવે (સંચાલક-માતૃભાષા શિક્ષણ કેન્દ્ર, બોટાદ ) દ્વારા માતૃભાષાના મહત્વને ઉજાગર કરતાં મનનીય વક્તવ્યો રજૂ કરાયાં હતા.ડૉ.જનક રાવલ સાહેબે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.આભારવિધિ બોટાદનાં જાણિતા લેખક રત્નાકર નાંગર સાહેબ દ્વારા કરવામાં આવી હતી. ડૉ.આનંદ ગઢવી દ્વારા આગવી શૈલીમાં સંચાલન કરતાં કાર્યક્રમ માણવાં બહોળી સંખ્યામાં પધારેલાં ભાવકો ,સાહિત્યરસિકોને તરબોળ કરી દીધાં હતાં મેઘાણીજી અને બોટાદકરની કલમથી પાવન થયેલી બોટાદ ધરાની આગવી ઓળખ સમાન સ્વનામધન્ય કવિ શ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના આંગણે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર પ્રેરિત માતૃભાષા મહોત્સવ-૨૦૨૫નો એક જાજરમાન ઉપક્રમ 'માતૃભાષા શિક્ષણ કેન્દ્ર-બોટાદનાં ભાવેશભાઈ પરમારના સંયોજન હેઠળ સંપન્ન થયો.

## શિવ ભક્તોની આતુરતાનો અંત, ઉમેદપુર ખંડુજી મહાદેવ ખાતે બુધવારે મહા શિવરાત્રીનો મેળો



મોડાસા..

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં ઉમેદપુર – દધાલીયા ગામે ખંડુજી મહાદેવ મંદિરે પરંપરાગત મહાશિવરાત્રીનો મેળો યોજાશે.દર વર્ષે ભાદરવાના બીજા રવિવારે અહીં યોજાતા ભવ્ય લોકમેળાની જેમ મહાશિવરાત્રીનો પણ ભવ્ય મેળો યોજાય છે તેને લઈને ગામ લોકો દ્વારા તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. ખંડુજી મહાદેવ મંદિરે મહાશિવરાત્રીના મેળામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધારુઓ ઉમટી પડશે.અને હર હર મહાદેવ ના નાદ થી અરવલ્લી ની ગિરિમાળાઓ ગુંજી ઉઠશે.પશુપતિ મહાદેવ તરીકે ઓળખાતા સ્વયંભૂ ખંડુજી મહાદેવના ભકતો દર્શન માટે થનગની રહ્યા છે.જોકે મહાશિવરાત્રી ના દિવસે ભવ્ય મેળો યોજાશે જેમાં ભજન કીર્તન સાથે મહાદેવની ભક્તિમાં ભકતો તલ્લીન થશે અને ભારતીય સંસ્કૃતિની અલગ જાખી પણ જોવા મળશે.ઉલ્લેખનીય છે કે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ઉમેદપુર –દધાલીયા ગામે સદીઓથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાય છે લોકોની માનેલી માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં સ્વયંભુ ખંડુજી મહાદેવના મંદિરે દર્શન કરવા માટે આવે છે.હજારો ભક્તો ભગવાન ભોળા નાથ ના દર્શન કરી ધન્યતા અનુભવે છે. મેળામાં આવેલા લોકોને કોઈ તકલીફના પડે તે માટે ગામ લોકો દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ઉમેદપુર સ્થિત સ્વયંભૂ ખંડુજી મહાદેવ સાક્ષાત છે જેથી લોકોની આસ્થા પણ મહાદેવ પ્રત્યે દિવસે ને દિવસે વધી રહી છે

પ્રવાસન સ્થળ તરીકે ઉભરી રહ્યું છે શ્રી ખંડુજી મહાદેવ ધામદિવસે ને દિવસે ભક્તોની વધતી ભીડના કારણે સ્વયંભૂ ખંડુજી મહાદેવ ધામ ઉમેદપૂર પ્રવાસન સ્થળ તરીકે પણ ઉભરી રહ્યું છે.ભક્તોની સતત ભીડ અહી હવે જોવા મળી રહી છે અને તેમાં પણ રાજ્ય ભરમાંથી પશુઓ સુરક્ષિત રહે તે માટે પશુપાલકો અને ખેડૂતોનો ઘસારો ભગવાન ખંડુજી મહાદેવ ધામ ખાતે વધી રહ્યો છે. જો ભગવાન શ્રી ખંડુજી મહાદેવ ધામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો ગુજરાત અને રાજેસ્થાન ના પર્યટકો નો વેગ વધુ વધે તેવી પણ શક્યતાઓ છે.

### ગણપત યુનિવર્સિટી મેનેજમેન્ટ ફેકલ્ટી દ્વારા

## બિઝનેસ ટેકનોલોજી અને સસ્ટેઈનેબીલિટી વિષયે બે દિવસીય ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું સફળ અને સાર્થક આયોજન સંપન્ન !

અનેક દેશોના અભ્યાસુ સંશોધકો અને નિષ્ણાતો સહભાગી બન્યા : ૬૦ જેટલાં રિસર્ચ પેપર્સ રજૂ થયા ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા એક કોન્ફરન્સ સીરીઝ ચાલે છે - કોન્ફરન્સ ઓન ઈમરજિંગ મેનેજમેન્ટ પ્રેક્ટિસિસ , તેના અનુસંધાનમાં આ વર્ષે પણ બિઝનેસ ટેકનોલોજી ઢહ્દ્ઠ સસ્ટેઈનેબીલિટી વિષય ઉપર બે દિવસીય ઈન્ટરનેશનલ હાઈબ્રીડ કોન્ફરન્સનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું - આ કોન્ફરન્સમાં વિદ્વાન અભ્યાસુ સંશોધકો અને સુપ્રસિષ્ઠિત ઉદ્યોગ નિષ્ણાતોએ સહભાગી બની કોન્ફરન્સને સફળ જ નહીં પૂરી સાર્થક બનાવી હતી, આ મહાનુભાવો વિશ્વના અનેક દેશોનું પ્રતિનિધિત્વ કરતા હતા. આ કોન્ફરન્સ તેના ઉદ્ઘાટન સમારોહથી, વિચાર સમૃધ્ધ કી-નોટ સંબોધનોથી પ્લેનરી સેશન્સથી, રિસર્ચ વર્કશોપથી અને સૌથી વધુ તો ૬૦ જેટલાં વિવિધ વિષયો ઉપરના સંશોધન પત્રોની રજૂઆતથી ઘણી જ્ઞાન સમૃદ્ધ બની રહી હતી. કોન્ફરન્સનો પ્રારંભ તેના ભવ્ય ઉદ્ઘાટનથી થયો હતો જેમાં ગણપત યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝના ડો. શ્રી હિરેન. જે. પટેલે સહભાગીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું તો યુનિવર્સિટીના ગ્રુપ ચાન્સેલર પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્માએ આ અવસરના આયોજનની યથાર્થતા સમજાવી હતી. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ અને

પેટ્રન-ઈન-ચિફ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ - દાદાએ પણ સંસ્થાની શૈક્ષિક શ્રેષ્ઠતા માટેની પ્રતિબધ્ધતા અને વૈશ્વિક સહયોગની વાત કરી હતી.

## અમદાવાદ ખાતે ગરવી ગુજરાત ગ્લોબલ મેડિકલ સેન્ટર એન્ડ હોસ્પિટલ દ્વારા ફ્રી મેગા મેડિકલ સેરેમનીનું આયોજન કરાયું



અમદાવાદ ખાતે ગરવી ગુજરાત ગ્લોબલ મેડિકલ સેન્ટર એન્ડ હોસ્પિટલ દ્વારા તા ૨૩ ફેબ્રુઆરી રવિવારના રોજ અમદાવાદના સહયોગ કોમર્શિયલ કોમ્પલેક્ષ લાલ દરવાજા ખાતે ફ્રી મેગા મેડિકલ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પીડિયાટ્રિક ફેસિલિટીસ હાડકાના રોગના નિષ્ણાત તેમજ કેન્સરના રોગોના નિષ્ણાત. ડોક્ટરએ આ મેડિકલ સેરેમનીમાં હાજરી આપી હતી. જેમાં ડોક્ટર (સ્મ્જી , સ્જી) શહેઝાદ આલમ , (સ્ઢ પીડીયાટ્રિક્સ) ડોક્ટર જુનેદ જી શેખ, (સ્જી ઓર્થો ) ડોક્ટર શુભમ કાપડિયા,(સ્જીસ સી એચ) ડોક્ટર સંકેત દેસાઈ , ડોક્ટર ઝુલ્ફી પટેલ (સ્જી ઓર્થો ) સહિતના નિષ્ણાત ડોક્ટરોએ હાજરી આપી હતી આ મેડિકલ સેરેમની નિઃશુલ્ક હાડકાની ઘનતા તથા ગુણવત્તા ચેકઅપ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે આર સી શાહ પૂર્વ પ્રમુખ વર્લ્ડ લેપ્રોસ્કોપિક સર્જન એસોસિએશન અને ઈન્ટરનેશનલ લો મેડિકલ એન્ડ એથિક્સ સોસાયટી જમાલપુર ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ભાઈ ખેડાવાલા પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન ભાઈ શેખ તેમજ અમદાવાદ કોંગ્રેસના મહામંત્રી શફીભાઈ ટાયર વાલા કોંગ્રેસના સિનિયર નેતા જે પી ચા વાલા સામજિક કાર્યકર શોએબ શેખ સિનિયર સામજિક આગેવાન રંગરેજ ફિરોઝ ભાઈ અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના ચેરમેન રિઝવાન કાદરી ,, મુહીબઉલ્લાહ પઠાણ , બાબા ખાન પઠાણ અફાક સૈયદ , મઝહર સૈયદ , સોહેલ કાદરી તેમજ હોસ્પિટલના મેનેજિંગ ડાયરેક્ટર મહેશ આર પટેલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ પણ ફ્રી મેડિકલ કેમ્પ લાભ લેવા માટે આવ્યા હતા આ નિષ્ણાત ડોક્ટરોએ મેડિકલ સેરેમનીને સેવા આપી દર્દીઓની સમસ્યાઓ જાણી હતી

## શ્રી. વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ દ્વારા આયોજિત વિજ્ઞાન દિવસ

વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત સર્જનાત્મક શક્તિઓને શાળા દ્વારા પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી K.G. થી ૧૨ ( સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ ) ના વિદ્યાર્થી ભાઈ, બહેનોને શિક્ષકોના ઉમદા માર્ગદર્શન સાથે અદ્ભુત પ્રાયોગિક વર્કિંગ મોડલ બનાવ્યાં હતાં. વિદ્યાર્થી પ્રતિભાને બિરદાવા માટે પાળિયાદ ઠાકર પ .પૂ. શ્રી.શ્રી.૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળા બા તથા વિસામણબાપુની જગ્યા માંથી મોટી સંખ્યામાં ભાવિક જણ પણ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. સમગ્ર શાળામાંથી ૮૫૩ વિદ્યાર્થી ભાઈ બહેનોએ વિજ્ઞાન દિવસમાં ભાગ લીધો હતો. વિજ્ઞાનના સિદ્ધાંતોને આધારિત વિદ્યાર્થીએ ૪૨૬ અલગ અલગ મોડેલો બનાવ્યા હતા. જેમાંથી ૧૩૭ વર્કિંગ મોડેલ બનાવ્યા હતા. હાલમાં આપણા રાષ્ટ્રને જેની જરૂર છે. તે પ્રકારની સર્જનાત્મકતા થી મોડલો શાળાના બાળ વૈજ્ઞાનિકોએ બનાવ્યા હતા. મુખ્યત્વે... માર્ગ પરિવહન અસ્માત નિવારણ, રેલવે અકસ્માત નિવારણ, ફાયર સેફટી પ્રોજેક્ટ, ભાષા પ્રોજેક્ટ, વાણિજ્ય અને વિનિમય પ્રોજેક્ટ, સ્વદેશી ડ્રોન પ્રોજેક્ટ, નગર વ્યવસ્થાપન પ્રોજેક્ટ, ઈલેક્ટ્રીક સીટી, જળ પ્રદૂષણ, પર્યાવરણ અને રાષ્ટ્રની સુરક્ષા અને સલામતી માટે અલગ અલગ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓએ જાતે શિક્ષકોના માર્ગદર્શનની સાથે અલગ અલગ મોડલ બનાવ્યા હતા.

## ગાંધીનગર

**પ્રાંત અધિકારીશ્રી સમક્ષ આર.ટી.એસ. -૯૮૦/૨૦૨૩ થી અપીલ દાખલ કરેલ જે અપીલમાં અમો અરજદારે પક્ષકાર જોડવાની અરજી આપેલ હોવા છતા અમો પક્ષકારને પ્રાંત અધિકારીશ્રી પાર્થ કોટડીયા નાઓએ એક પણ વાર નોટીસ કાઢ્યા વગર કે અમોને એક પણ વાર સાંભળ્યા વગર અમો અરજદાર દ્રારા વણવહેંચાયેલ જમીનની માપણી સીટ રજુ કરેલ હોવા છતા તેમજ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અરજી નં. ૧૯૫૮૫ થી અરજી કરતાં જુનિયર નગર નિયોજક શ્રી બીજા ગાંધીનગર દ્વારા ઝોનિંગ સર્ટિફિકેટ તા. ૧૬/૦૬/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ જેમાં અમો અરજદારની ખોટી સહી કરેલ છે અને તે ઝોનીંગ સર્ટીનો ઉપયોગ સદરહું જમીનના વેચાણ દસ્તાવેજમાં કરી તેની નોંધણી કરાવેલ છે. જે અંગેની પણ અમો દ્રારા રજુઆત તથા કામના કાગળો રજુ કરવામાં આવેલ છે તેમજ અમોએ ગાંધીનગરના નામદાર સીનીયર સીવીલ જજ સાહેબશ્રી સમક્ષ દાવો દાખલ કરેલ છે જે દાવાનો આખરી નીકાલ થયેલ ન હોવા છતા અને દાવાના કાગળો રજુ કરેલ હોવા છતા અમોની રજુઆતોને ધ્યાને લીધા સિવાય તેમજ કરેલ હુકમમાં નામદાર સુપરીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને રાખી સદરહું અપીલ ઠરાવ ઉપર લઈ એકતરફી હુકમ કરેલ છે જે હુકમમાં યા ચુકાદાને ધ્યાને લીધેલ છે તે કેસનો નંબર જણાવ્યા વગર કરેલ એકતરફી કરેલ હુકમ**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.